| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | | | |
| નોંધ્યા તારીખઃ– | | | |
| ફેંસલ તારીખઃ– | ૨૩–૦૭–૨૦૧૯ | | |
| અવધિઃ– | વર્ષ | માસ | દિવસ |
| | | | |
| આંકઃ– | | | |

મહેરબાન સુરતના ૧૭ મા એડીશનલ સિનિયર સિવિલ જજ અને એડીશનલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુ.સુરત.

ફોજદારી કેસ નંબરઃ ૯૦૨ / ૨૦૦૪.

ફરિયાદીઃ સરકારશ્રી.

(વરાછા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૬૯/૨૦૦૩.)

વિરૂધ્ધ

આરોપીઃ (૧) રાજુભાઈ કાનજીભાઈ પટેલ,
ઉં.વ. ૩૩, ધંધો– નોકરી,
રહેવાસી– બી/૩, અક્ષરદિપ સોસાયટી,
સિંગણપોર રોડ, કતારગામ, સુરત.

(૨) ભરત ભગવાનદાસ પટેલ,
ઉં.વ. ૨૩, ધંધો– હીરાની મજૂરી,
રહેવાસી– ઘર નં. ૬/૧૬૨૫, ગુંદી શેરી,
લાલ દરવાજા, સુરત.

(૩) વિજય અશોકભાઈ ખોરાસીયા,
ઉં.વ. ૨૩, ધંધો– હીરાનો,
રહેવાસી– ઘર નં. ૬૨, હેમકુંજ સોસાયટી,
રંગઅવધૂત સોસાયટીની બાજુમાં, વરાછા, સુરત.

(૪) સંદીપ વિનોદભાઈ જરીવાળા,
ઉં.વ. ૩૦, ધંધો– હીરાની મજૂરી,
રહેવાસી– ૬૦૨, શાલીભદ્ર એપાર્ટમેન્ટ,
સુમુલ ડેરી રોડ, કતારગામ, સુરત.

ગુનોઃ ઈ.પી.કો.કલમ–૪૦૬ મુજબનો.

---------------------------------

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ. એ. શેખ.
આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર. કે. ભાજીવાળા.

---------------------------------

-// ચુ કા દો //-

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

તા. ૩૦/૦૯/૨૦૦૩ ના રોજ કલાક ૯–૦૦ પહેલા હરકોઈ વખતે આ કામના આરોપીઓએ વરાછા લંબે હનુમાન રોડ પર આવેલ પોતાના શેઠ એટલે કે, આ કામના ફરિયાદીના જે. બી. ડાયમંડ નામના હિરાના કારખાનામાં પોતાની મેનેજર, સુપરવાઈઝર તથા કારીગર તરીકેની જવાબદારીમાં પોતાને સોંપેલ ૧૩૪.૦૫ કેરેટ રફ હીરા કુલ્લે રૂ૦ ૩,૦૦,૦૦૦/– ના મત્તાની છળકપટથી, વિશ્વાસઘાત કરી, ગુમ કરી, ગુનો કરતાં, આ કામના આરોપીઓ વિરૂઘ્ઘ પોલીસ ફરિયાદ આપતા સદર ફરિયાદ, વરાછા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુ. ર. નં. ૨૬૯/૨૦૦૩ થી ઈ.પી.કો.કલમ–૪૦૬ મુજબનો ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને ધોરણસર અટક કરી, કોર્ટ હવાલે કરેલ અને બાદમાં હાલનું ચાર્જશીટ કરી, ઈન્સાફી કાર્યવાહી માટે કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતાં આરોપીઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તેમને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા બાદ આંક–૪ થી તેઓની સામે

તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, જેમાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં તેઓની આંક–૫ થી ૮ સુધી પ્લી લેવામાં આવેલ છે. બાદમાં ફરિયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

<u>મૌખિક પુરાવાઃ</u>–

| ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| (૧) | ૦૯ | પંચ – રાજુભાઈ શ્રીરામ પાટીલની સોગંદ ઉપર જુબાની |
| (૨) | ૧૧ | પંચ – પ્રકાશ મોતીલાલ ચિત્તેની સોગંદ ઉપર જુબાની |
| (૩) | ૧૨ | સાહેદ – મનીષભાઈ ગણેશભાઈ પટેલની સોગંદ ઉપર જુબાની |
| (૪) | ૧૪ | સાહેદ – મોહનભાઈ શંકરભાઈ શિંદેની સોગંદ ઉપર જુબાની |
| (૫) | ૧૬ | સાહેદ – વિનાયકભાઈ રમેશભાઈ સોનીની સોગંદ ઉપર જુબાની |
| (૬) | ૧૮ | સાહેદ – પ્રકાશભાઈ લાભુભાઈ પદમાણીની સોગંદ ઉપર જુબાની |
| (૭) | ૧૯ | સાહેદ – કેયુર ગણપતભાઈ પટેલની સોગંદ ઉપર જુબાની |
| (૮) | ૨૧ | ફરિયાદી – ભગવાનભાઈ કલ્યાણભાઈ પટેલની સોગંદ ઉપર જુબાની |
| (૯) | ૨૪ | સાહેદ – યોગેશભાઈ રઘુનાથભાઈ પાટીલની સોગંદ ઉપર જુબાની |

<u>દસ્તાવેજી પુરાવાઃ</u>–

| ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| (૧) | ૧૦ | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ. |
| (૨) | ૨૨ | ફરિયાદની નકલ. |
| (૩) | ૩૨ | FSL કચેરીનો પત્ર તથા અહેવાલ. |

(૪) ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીઓનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, કહેવાતો ગુનો કરેલ નથી તેમજ આરોપીઓએ બચાવમાં સાહેદો તપાસવાનો અને સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે.

(૫) બાદમાં, રેકર્ડ આધારિત દલીલો પક્ષકારોના વિ.વ.શ્રીઓએ કરેલ છે. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ રજૂ થયેલ પુરાવાઓ પરથી આરોપીઓ વિરૂઘ્ઘ ગુનો સાબિત માની અને દાખલારૂપ સજા કરવાની દલીલ કરેલ છે અને બચાવપક્ષના વિ.વ.શ્રીએ પડેલ પુરાવાના આધારે આરોપીઓ વિરૂઘ્ઘનો કેસ સાબિત થઈ શકે તેમ ન હોય, ફરિયાદપક્ષનો આ કેસ નાસાબિત માની અને આરોપીઓને નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાની વિનંતિ કરેલ છે.

(૬) ઉપરોકત વિગતને ઘ્યાને લેતાં કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

<u>**મુદ્દાઓ**</u>

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ, પોતાના શેઠ એટલે કે, ફરિયાદીના જે. બી. ડાયમંડ નામના હિરાના કારખાનામાં પોતાની મેનેજર, સુપરવાઈઝર તથા કારીગર તરીકેની જવાબદારીમાં પોતાને સોંપેલ ૧૩૪.૦૫ કેરેટ રફ હીરા કુલ્લે રૂ૦ ૩,૦૦,૦૦૦/– ના મત્તાની છળકપટથી, વિશ્વાસઘાત કરી, ગુમ કરી, ગુનો કરતાં, ઈ.પી.કો. કલમ– ૪૦૬ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

-// કા ર ણો //-

**મુદ્દા નંબરઃ- ૧,૨**

(૮) આ કામમાં ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં આ કામે ફરિયાદવાળા બનાવને સમર્થન આપવા માટે ફરિયાદપક્ષે આંક-૨૧ થી ફરિયાદી- ભગવાનભાઈ કલ્યાણભાઈ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, "હું પહેલા લંબે હનુમાન રોડ ઉપર જે. બી. ડાયમંડ નામથી હીરાનો ધંધો કરતો હતો. જેમાં મારા ભાગીદાર પણ હતા અને આ અમારી ફેકટરીમાં પાંચેક હજાર જેટલા કારીગરો કામ કરતા હતા. અમારી ફેકટરીમાં ૨૪ કલાક લેસરથી કામ ચાલતું. અમારી ફેકટરીમાં રાજુભાઈ કાનજીભાઈ પટેલ મેનેજર તરીકે હતા. આ રાજુભાઈ જયારે તેમની ફરજ ઉપર આવેલા ત્યારે જે મેનેજર ફરજ ઉપરથી ઉતરતા હતા તેઓએ હીરા આપેલા. જે ૩૨૨ હીરા હતા અને તેનું વજન ૧૩૪.૫ કેરેટ હતું અને જેની કિંમત આશરે ત્રણેક લાખ રૂપિયાની હતી. આ હીરા સવારે જે મેનેજર કામ ઉપર આવે તેને આ ઉતરનાર મેનેજરે આપેલા નહિ. જેથી હીરામાં ઘટ આવેલી. અમોએ રાજુભાઈને આપેલ હીરા બાબતે પૂછતાં તેઓએ કોઈ જવાબ આપેલ નહિ. જેથી અમોએ તેમની સામે ફરિયાદ આપેલી..." ફરિયાદી આંક-૨૧ થી રજૂ થયેલ ફરિયાદમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે.

ફરિયાદીની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મારે મારા કારખાને જવાનું થતું નથી. હું રાતપાળીમાં બેસતો નથી. પાંચ હજાર કારીગરને હું અંગત રીતે ઓળખું નહિ. બનાવ વખતે લેસર યુનિટમાં ૨૦

કારીગર કામ કરતા હતા. પાળી બદલાય એટલે અમારે લેસરના કારીગરોને મળવાનું થાય નહિ. બધો વહીવટ મેનેજર ટુ મેનેજર થાય. કારીગરોને હીરા આપે તેની અને મેનેજર પાળી બદલાય ત્યારે જે તે લેવડ દેવડની નોંધ કરવામાં આવે. આ નોંધ મેં પોલીસને આપેલ નથી. દિવસના ઉતરતા મેનેજરે રાત્રિના નોકરીએ ચડતા મેનેજરે બનાવના દિવસે કેટલા હીરા આપ્યા તેની મને ખબર નથી. કોઈપણ કારીગર, મેનેજર, સુપરવાઈઝર કે બહારની વ્યકિત કારખાનામાં આવે તો વોચમેન ચેક કરે. વોચમેન ઉપર મને ભરોસો છે. બનાવ વખતે વોચમેને કોઈ કારીગર કે મેનેજર કે સુપરવાઈઝરને હીરા સાથે કારખાનામાંથી બહાર નીકળતો પકડેલ નથી. બનાવ વખતે અમારા લેસર યુનિટમાં કેમેરા હતા અને તેમાં રેકોર્ડીંગ થતું હતું. મારે રેકોર્ડીંગ જોવાનો પ્રસંગ બનેલ નહિ. મને એની જાણ છે કે, હીરાની ચોરી થાય કે હીરો ગુમ થાય તો પોલીસમાં જવું પડે. બનાવની જાણ મને પાળી બદલાય તેના અડધા પોણો કલાકમાં થયેલી. સવારે ૯–૦૦ વાગેના બનાવ બાબતેની ફરિયાદ મેં દિવસના ૧૧–૦૦ વાગે આપેલી. જો મારી ફરિયાદ રાત્રિના ૧૧–૦૦ વાગે આપી હોય તે વાત ખોટી છે. હાલ મને ખ્યાલ નથી કે, મેં રાજુભાઈ કાનજીભાઈ બનાવ વખતે અમારા કારખાનામાં ફરજ બજાવતા સંદર્ભે કોઈ દસ્તાવેજ, નોંધ એન્ટ્રી કે રજિસ્ટર કે કાગળ મેં પોલીસને બતાવેલ કે કેમ ? મેં અમારા કારખાનામાં અકસ્માતે આગ કે ચોરી કે લૂંટ હીરા ગુમ થવાના બનાવ બને તો તેની સામે રક્ષણ મેળવવા અમે વીમો ઉતરાવેલો. મેં લેસર યુનિટ જોયેલું. લેસર યુનિટમાં હીરાના પડીકા સુપરવાઈઝરને આપી દેવામાં આવે. સુપરવાઈઝર સાઈઝ કાઢવાવાળાને હીરા સોંપી દે અને ત્યારપછી સ્ટીચીંગવાળાને હીરા સુપરત કરે અને સ્ટીચીંગવાળો કેસેટ એટલે પ્લેટમાં હીરા ચોડી દે અને ત્યારબાદ તે પ્લેટ કે કેસેટને બોક્ષમાં ગરમ કરવા માટે મૂકી દે. ઓપરેટર ત્યારબાદ જે લેસરમાં હીરા કપાય તેની ગણતરી રાખે. હીરો લેસર યુનિટમાં કપાવા જયારે એક પછી એક ઘણા કારીગરોના હાથમાં પહોંચે. મેનેજર હીરાનું પડીકું સુપરવાઈઝરને સુપરત કરે તેથી તેની તમામ

જવાબદારી સુપરવાઈઝરની ગણાય. મેં જાતે ૧૩૪.૦૫ ની કેરેટની ઘટ તપાસી નથી. હાલ મને એ યાદ નથી કે, રાજુભાઈને આપેલ હીરા બાબતે અમોએ પૂછેલ હોય અને તેઓએ કોઈ જવાબ આપેલ નહિ હોય તે હકીકત મેં પોલીસ સમક્ષ ફરિયાદમાં લખાવેલ કે નહિ. આ બનાવને દિવસે આગલી રાત્રે રાજુભાઈ કાનજીભાઈને હીરાની સોંપણી કોણે કરેલી તે મેનેજરનું નામ મને હાલ યાદ નથી. બનાવની આગલી રાતે ઉતરનાર મેનેજરે પાળી ઉપર ચઢનાર મેનેજરને હીરા આપેલ કે કેમ ? તેની મેં જાતે ખરાઈ કરેલ નથી.

(૯) ફરિયાદપક્ષે પંચ સાહેદ – રાજુભાઈ શ્રીરામ પાટીલને આંક– ૯ થી તથા બીજા પંચ સાહેદ – પ્રકાશ મોતીલાલ ચિત્તેને આંક– ૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદો કે જેઓ આંક– ૧૦ થી રજૂ થયેલ પંચનામાના પંચ સાહેદો છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓએ તેમની જુબાનીમાં એવું જણાવેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતાં હતા ત્યારે પોલીસે તેઓને લખેલા કાગળમાં સહી કરવાનું કહેતાં સહી કરી આપેલી હોવાનું જણાવે છે અને તેઓની જુબાનીમાં આંક–૧૦ થી રજૂ થયેલ પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, પરંતુ તે સિવાય બીજી કોઈ હકીકતોને સમર્થન કરતા નથી. જેથી આ પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીની વિનંતિથી ફરી ગયેલ પંચ સાહેદો જાહેર કરવામાં આવેલા છે અને તેઓની વિ.એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વકની ઉલટતપાસ લેવામાં આવેલી છે. પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈજ હકીકત આ પંચ સાહેદો જણાવતા નથી. આ પંચ સાહેદોની બચાવપક્ષે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૦) ફરિયાદપક્ષે આંક– ૧૨ થી સાહેદ – મનીષભાઈ ગણેશભાઈ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, "સને ૨૦૦૩ માં હું જે. બી. ડાયમંડમાં મેનેજર તરીકે નોકરી કરતો હતો. સદરહુ અમારી ફેકટરી બે

પાળીમાં ચાલતી હતી. મારી નોકરીમાં મારી પાળી શરૂ થાય તે પહેલા આગલી પાળીના જે હીરાનું કામકાજ થયેલું હોય તેને ટેલી કરી, લેવાના હોય છે. અમારી આ કંપનીમાં રાજુભાઈ મેનેજર તરીકે હતા અને તેઓ તેઓ રાત્રિના પાળીમાં હોય, તેઓની પાસેથી લોટ ટેલી કરી, મેં હવાલો સંભાળેલો. હું જયારે નોકરી પર ગયેલો ત્યારે રાજુભાઈ મેનેજર તરીકે હતા તે વિભાગમાંથી એક લોટ ગુમ થયેલ હોય, તેનો હિસાબ મળતો ન હતો. જેથી આ બનાવ અંગે જે. બી. ડાયમંડના માલિક ભગવાનભાઈએ આરોપીઓ વિરૂઘ્ઘ ફરિયાદ આપેલી..." વધુમાં સાહેદ જણાવે છે કે, આ હીરાનું પડીકું આગલી રાત્ર હતું, પરંતુ સવારે જયારે નોકરીએ આવેલ ત્યારે હતું નહિ.

સદર સાહેદની આરોપીપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રાજુભાઈ જે. બી. ડાયમંડમાં ચોકકસ કેટલા સમયથી નોકરીમાં હતા તેની મને જાણકારી ન હતી. પરંતુ આશરે બે વર્ષથી નોકરી કરતા હતા. એ વાત સાથે હું સંમત થાઉં છું કે, હીરાના વ્યવસાયમાં જે કંઈ વ્યવહારો થાય તે વિશ્વાર ઉપર થતા હોય. સામાન્ય રીતે વિશ્વાસપાત્ર માણસને જ કિંમતી હીરા સાચવવાની જવાબદારી સોંપવામાં આવતી હોય છે. અમે ચાર્જ લઈએ અને ચાર્જ છોડીએ તે વખતે હીરા અંગેની જે નોંઘ કરવામાં આવે તે નોંઘનું ચેકીંગ માલિક તરફથી રોજેરોજ કરવામાં આવતું નથી, પરંતુ અમુક અમુક સમયે કરવામાં આવે છે. આ નોંઘ પોલીસને બતાવવાનું મારે બનેલું નહિ. કેટલી વ્યકિત કારખાનામાં આવે અને કેટલી વ્યકિત બહાર જાય તેની નોંઘ સીકયુરીટીવાળા રાખતા હોય છે.બાબતની જાણ થયા બાદ મારી પાળી બદલાઈ ગયેલી. બનાવના અરસામાં અમારા ડીપાર્ટમેન્ટમાં એક પાળીમાં આશરે ૨૨ થી ૨૫ માણસો નોકરી કરતા હતા. બનાવની જાણ થઈ અને મારી પાળી ચેઈન્જ થઈ તે દરમ્યાન અડઘોએક કલાક જેટલો સમય થયેલો. મને જાણ થઈ એટલે તરત જ શેઠને પણ જાણ થયેલી. બનાવ બન્યો એટલે તરત જ ફરિયાદ કરવાની હોય છે, તેની મને જાણકારી છે. મારે શેઠ સાથે ફરિયાદ કરવા બાબતે કોઈ વાતચીત થયેલી નહિ. ફરિયાદ

થયા અંગેની જાણ મને ફરિયાદ થઈ તે દિવસે બપોરના ૧૨–૦૦ કલાકે થયેલી. મને એ વાતની જાણ થયેલી નહિ કે, ફરિયાદ કોણે આપેલી ? અને કોની કોની સામે આપવામાં આવેલી ? પાછળથી મને જાણ થયેલી કે, આ ફરિયાદ શેઠે આપેલી પરંતુ કોની કોની સામે આપેલી ? તેની મને ખબર નથી. ફરિયાદ આપવા બાબતે શેઠે મારી પાસેથી કોઈ સૂચના મેળવેલ નહિ. હાલ હું જે.બી. ડાયમંડમાં નોકરી કરતો નથી.

(૧૧) ફરિયાદપક્ષે આંક– ૧૪ થી સાહેદ – મોહનભાઈ શંકરભાઈ શિંદેને સોગંદ ઉપર તપાસેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, “હું છેલ્લાં ૨૦ વર્ષથી જે. બી. ડાયમંડમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરું છું. જે. બી. ડાયમંડમાં હીરાનું કામ સવારે ૯–૦૦ થી રાત્રે ૯–૦૦ બે પાળીમાં ચાલે છે. મારી નોકરીનો સમય સવારે ૯–૦૦ થી ૯–૦૦ વાગ્યા સુધીનો હોય છે. અમારા મેઈન મેનેજર જે કહે તે કામ કરવાનું હોય છે. આરોપી નં. ૧ નાઈટપાળીમાં અમારા કારખાનામાં મેનેજર હોય તેમને હું ઓળખું છું. બનાવ આશરે સાતેક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે અમારા મેનેજર મનીષભાઈ હતા. બનાવના આગલા દિવસે અમો દિવસની પાળી કરીને ગયેલા અને રાત્રે રાજુભાઈની પાળી હતી. બીજા દિવસે સવારે હું અને મનીષભાઈ અમારી નોકરી પર આવેલા ત્યારે રાજુભાઈ હીરાનો લોટ તૈયાર કરતા હતા. તેમાંથી એક લોટ ઓછો હતો. આ હકીકત રાજુભાઈએ મનીષભાઈને કહેલી અને અમો તથા મનીષભાઈએ રાજુભાઈની પાળીમાં લોટ ગુમ થયાની હકીકત અમારા શેઠને જણાવેલી અને શેઠે બનાવ અંગે રાજુભાઈની વિરૂધ્ધમાં ફરિયાદ કરેલી.

સદર સાહેદની આરોપીપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સુપરવાઈઝર તરીકેની મારી કામગીરીમાં મેનેજરના કહેવા મુજબ મશીન ઉપર કારીગરને માલ આપવાનો, ઓફિસમાંથી માલ લાવવાનો અને ટેબલ ઉપર કામગીરી કરવાની હોય છે. હું કામ ઉપર પાળી ઉપર ચઢું અને છૂટો થાઉં તે દરમ્યાન રિશેષમાં પણ બહાર જવાનો પ્રસંગ બનેલ નહિ. અમારા કારખાનામાં લેશર યુનિટવાળા

એક વાર કામ ઉપર આવે અને છૂટે નહિ ત્યાં સુધી બહાર જઈ શકે નહિ. અમે જે દરવાજેથી અંદર જઈએ તેમજ બહાર નીકળીએ ત્યાં વોચમેન હાજર હોય છે. કોઈપણ કારીગર છૂટે અને બહાર જાય તે વખતે વોચમેન તેઓની તલાશી લેતા હોય છે અને ત્યારપછીજ તે કારીગર બહાર જાય છે. આ નિયમ સુપરવાઈઝર અને મેનેજરને પણ લાગુ પડે છે. મેનેજર કારીગરને હીરા આપે તો તે અંગેની નોંધ કરતા હોય છે. તેજ રીતે હું પણ કારીગરને માલ સુપરત કરું તો તેની નોંધ કરું છું. આ નોંધ ડાયરીમાં કરવામાં આવતી હોય છે. એકજ ડાયરીમાં તમામ નોંધ કરવામાં આવતી હોય છે. પાળી બદલાય ત્યારે દરેક મેનેજર પાસે આ એકજ ડાયરી હોય છે. તેમાંજ તમામ નોંધ કરવામાં આવે છે. ઓફિસમાંથી જે માલ આવે તેની નોંધ કોમ્પ્યુટરમાં કરવામાં આવે અને તે પ્રમાણે માલ મેળવવામાં આવે તેને જાંગડ કહેવાય.મારી ઓફિસમાં એવો કોઈ પ્રસંગ બનેલો નહિ કે માત્ર મનિષભાઈની હાજરીમાંજ માલની આપ–લે થઈ હોય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, માલની આપ–લે કરતી વખતે હું તથા મનીષભાઈ સાથે હાજર હોઈએ. અમારા શેઠનું એવું ફરમાન હતું કે, મેનેજર તથા સુપરવાઈઝરે સાથે મળીને માલની આપલે કરવી. માલની આપ–લે થયા બાદ માલ ટેલી થયા બાદજ લેશર યુનિટની બહાર જવાની પરવાનગી મળે. રાજુભાઈ મને માલ સોંપતા હતા અને મને હીરાનું પડીકું ગુમ થયાની જાણ થઈ તે વખતે લેશર યુનિટમાં કારીગરોની પાળી પૂરી થઈ ગયેલ હતી. જે વખતે બનાવ બનેલો તે વખતે રાતપાળીમાં વોચમેન તરીકે જીવરાજભાઈ હતા. હીરાનું પડીકું ગુમ થયું તે અંગેની ચર્ચા મારે મારા શેઠ સાથે થયેલ નહિ. મનીષભાઈએ શેઠને શું વાત કરી તેની મને જાણકારી નથી. પોલીસે મને કારખાનામાં પૂછપરછ બનાવના દિવસે કરેલી અને ત્યારબાદ પો.સ્ટે.માં બોલાવેલ. મારી હાજરીમાં પોલીસે મનીષભાઈની પૂછપરછ કરેલી. બનાવના દિવસે પોલીસે વોચમેનની પૂછપરછ કરી હોય તેનો મને ખ્યાલ નથી. પોલીસ અમારા કારખાનામાં સવારે આવેલા અને સાંજ સુધી રોકાયેલ. અમારું લેશર યુનિટ કોર્ટના રૂમથી ડબલનું હોઈ શકે. પોલીસ સવારથી

સાંજ સુધી અમારા લેશર યુનિટમાં હાજર હતા, તે વખતે હું પણ હાજર હતો. મનીષભાઈની પૂછપરછ પોલીસે મારી હાજરીમાં કરેલી. જે પૂછપરછ આશરે બે કલાક જેટલી ચાલેલી. આ વખતે મનીષભાઈએ હીરાના આપ–લે વાળી ડાયરી પોલીસને બતાવેલી. પોલીસે મારી પૂછપરછ કર્યા બાદ મારી સહી લીધેલી. પો.સ્ટે.માં બે વાર બોલાવી, મારી પૂછપરછ કરી, સહી લીધેલી.

(૧૨) ફરિયાદપક્ષે આંક– ૧૬ થી સાહેદ – વિનાયકભાઈ રમેશભાઈ સોનીને સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોવાથી વિ. સરકારી વકીલશ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી, વિગતવારની ઉલટતપાસ કરેલ છે, પરંતુ ફરિયાદપક્ષને સમર્થનકારી કોઈ હકીકત જણાઈ આવતી નથી. જેથી તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ.

(૧૩) ફરિયાદપક્ષે આંક– ૧૮ થી સાહેદ – પ્રકાશભાઈ લાભુભાઈ પદમાણીને સોગંદ ઉપર તપાસેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, "હું સને ૨૦૦૩ ની સાલમાં જે. બી. ડાયમંડ નામના કારખાનામાં સુપરવાઈઝર તરીકે કામ કરતો હતો. અમારા કારખાનામાં મેનેજર તરીકે રાજુભાઈ હતા અને ઘણીવાર નાઈટમાં અમો પણ સંભાળતા. મારી કામગીરી મેનેજર પાસેથી હીરા લઈ, કારીગરોને હીરા આપવા–લેવાનું તેમજ મશીનરીની સારસંભાળ રાખવાનું હતું. અમારા કારખાનામાં ત્રણ–ચાર મેનેજર હતા, જેમાં એકનું નામ મનિષભાઈ પણ હતું અને ત્રીજા મેનેજરનું નામ વિજયભાઈ હતું. આશરે અગિયારેક વર્ષ અગાઉ નાઈટપાળીમાં અમો કારખાનું કામકાજ સંભાળતા હતા અને સવારે જતી વખતે અમોએ રાત્રે તૈયાર થયેલ માલ તેમજ અમારી પાસેના પડીકા સવારે આવેલ મેનેજરને આપેલા. જે માલના પડીકા ટેલી કરીને મેનેજરે સંભાળી લીધેલા અને ત્યારબાદ અમો ઘરે નીકળી ગયેલા. બે–ત્રણ કલાક પછી મને ફોન આવેલ હીરાનું એક પેકેટ ઓછું જણાય છે, એટલે હું નાઈટના માણસોનો સ્ટાફ કારખાને

પહોંચેલા અને આ બાબતે ચેક કરતાં કોઈ હીરાનું પેકેટ મળી આવેલ નહિ. આ ગુમ થયેલ હીરાનું પેકેટ આશરે બે થી અઢી લાખનું ઉપરની કિંમતના હતા. આ બાબતે અમારા શેઠે મેનેજર રાજુભાઈ ઉપર ફરિયાદ કરેલી અને મારો જવાબ લેવામાં આવેલો...”

સદર સાહેદની આરોપીપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, મને એ વાતની ખબર છે કે, કારખાનાના મેનેજરે શું ફરજો નિભાવવાની હતી. મેનેજરની ફરજમાં માલ જે આવ્યો હોય તે ટેલી કરી જમા કરાવી દેવાનો હોય છે. એ વાત ખરી છે કે, મેનેજરને માલ આપવામાં આવે તથા તેની પાસેથી માલ લેવામાં આવે તેની કોઈ લેખિત નોંધ રાખવામાં આવતી નથી. એ વાત ખરી છે કે, હીરાનું પડીકું ગુમ થયાની જાણ મને પાછળથી જાણવા મળેલું. તે જાણ આ ફરિયાદ થઈ ત્યારે થયેલી. મેં જે હીરાના પડીકા જમા કરાવ્યાનું જણાવેલ છે, તે પડીકા મેં મારા મેનેજર રાજુભાઈ પાસેથી લીધેલા. બનાવ વખતે મારી રાતપાળી હતી. તે તારીખ ૨૯/૦૯/૨૦૦૩ ના દિવસે ઉતરતી પાળીના મેનેજર મનિષભાઈ તથા સુપરવાઈઝર મોહન પાસેથી તેઓની પાળીના હીરાના પેકેટો જાંગડ સાથે ટેલી કરીને મેં મેળવેલા હોય તેવું બનેલું. અમારી જે. બી. ડાયમંડમાં એવી કોઈ પ્રેકટીસ નથી કે, એક વ્યકિત બીજી વ્યકિતની હીરાના પેકેટ સોંપે તો તેની પહોંચ મેળવી લે. એ વાત ખરી છે કે, મારી ફરજ દરમ્યાન જવાબદાર વ્યકિત પાસેથી હીરાના પડીકા લેવા બાબત તથા અન્ય જવાબદાર વ્યકિતને સોંપવા બાબતની લેવડદેવડના વ્યવહારમાં મારે કયારેય કોઈ લેખિત પહોંચ લેવાની થયેલ નથી. રાજુભાઈ કાનજીભાઈ સાથે મારે બે–ત્રણ વર્ષ કામ કરવાનો અનુભવ ખરો. એ વાત ખરી છે કે, હાલના ફરિયાદવાળા બનાવ અગાઉ કયારેય અમારે હીરાનું પડીકું ઓછું થયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, અમારા કારખાનામાં સીકયુરીટી તરીકે વોચમેન બેસે છે. કારખાનામાં પ્રવેશ કરીએ ત્યારે વોચમેને કયારેક તપાસ કરે કયારેક ન કરે. બહાર નીકળતી વખતે કયારેક તપાસ થાય. બનાવના દિવસે અમારી

કોઈ તપાસ કરેલ નહિ. એ વાત ખરી છે કે, મેં મારી સરતપાસમાં માલ ગણીને મેનેજર રાજુભાઈને સંભાળવા આપેલ એવું જે જણાવેલ છે, તે અમારા હીરાના કારખાનામાં પાળી બદલતી વખતે મેનેજરને માલની સોંપણી કરવાનો જે રોજિંદો ક્રમ હોય છે તે આધાર પર મેં આ મુજબ જુબાની આપેલ છે. એ વાત ખરી છે કે, તા.૨૯/૦૯/૨૦૦૩ ના રોજ શું બનાવ બન્યો, કોણે શું લેવડ દેવડ કરી તે બધી બાબતો હું યાદદાસ્તને આધારે કહી શકું નહિ. એ વાત ખરી છે કે, સવારના પાળી બદલવાના સમયે ગુમ થયેલ હીરાના પડીકાની ફરિયાદ સવારે જ આપવાનું બનેલ નથી. એ વાત ખરી છે કે, રાજુભાઈ કાનજીભાઈ ઉપર હાલની ફરિયાદ મારા શેઠે શકના આધારે કરેલી. એ વાત ખરી છે કે, હીરાનો માલ ગુમ ન થઈ જાય, ખોવાઈ ન જાય તે માટે અમારા શેઠ માલનો વીમો પણ ઉતરાવે છે. એવું હોઈ શકે તે મારા શેઠે વીમો પકવવા માટે હાલની ખોટી ફરિયાદ કરેલ હોય.

(૧૪) ફરિયાદપક્ષે આંક– ૧૯ થી સાહેદ – કેયુર ગણપતભાઈ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, “હું સને ૨૦૦૩ ના અરસામાં જે. બી. ડાયમંડમાં હીરા ચોંટાડવાનું શીખતો હતો. અમારા કારખાનામાં સુપરવાઈઝર તરીકે અમારી પાળીમાં પ્રકાશભાઈ હતા અને મેનેજર તરીકે રાજુભાઈ પટેલ હતા. મેનેજર અને સુપરવાઈઝર અમારા કારખાનામાં જે હીરાનું કામ ચાલતું હોય તે હીરા ઓફિસમાંથી લાવી, કારીગરોને કામ માટે આપવાનું અને કામ પૂરું થાય ત્યારે પરત ગણતરી કરીને લેવાનું હોય છે. અમારા કારખાનામાં સંદિપભાઈ મશીન ચલાવનાર ઓપરેટર તરીકે કામ કરતા હતા. બનાવવાળી રાત્રે જે હીરા કારીગરો માટે લેવા માટે આવેલા તે સવારે કામ પર આવતા મેનેજરને પરત આપી અમો બધા ઘરે જતા રહેલા. ત્યારબાદ ચાર થી પાંચ માણસો બે–ત્રણ કલાક પછી અમારા ઘરે આવી, અમોને કારખાને પરત બોલાવેલ. રાત્રિની પાળીના જે હીરાનો માલ હતો તે પડીકા આવનારા મેનેજરને સુપરત કરેલા. જેમાં એક પડીકું ઓછું થયેલું હોવાનું જણાતાં રાત્રે

કામ કરનારા માણસો પાસે શોધખોળ કરેલ પરંતુ આ ગુમ થયેલ પેકેટ મળી આવેલ નહિ. આ બાબતે અમારા શેઠે અમારા કારખાનામાં મેનેજર સામે ફરિયાદ કરેલી. આ બાબતે મારો જવાબ લેવામાં આવેલો...”

સદર સાહેદની આરોપીપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમારા શેઠે કહ્યું કે પડીકું ઓછું થયું છે, જેથી મને જાણવા મળેલું. બનાવ અંગે મને કોઈ અંગત જાણકારી નથી. અમારા શેઠ જ મને પો.સ્ટે. લઈ ગયેલ. મારી નોકરી દરમ્યાન પડીકા ઓછા થવાનો એકમાત્ર બનાવ બનેલો. બનાવ કેવી રીતે બન્યો, પડીકું કઈ રીતે ઓછું થયું તે અંગે મને કોઈ જાણ નથી. અમારા શેઠે હાલની જે ફરિયાદ આપેલી તે શકના આધારે આપેલી.

સદર કામે આરોપીઓ સામે ઈ.પી.કો. ક. ૪૦૬ મુજબનો ગુનો બનેલ છે. તે જોવામાં આવે તો –

406. Punishment for criminal breach of trust.—

Whoever commits criminal breach of trust shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

(૧૫) આ ઉપરાંત હાલના ગુનાના કામે આરોપીઓનો કોઈ બદઈરાદો રેકર્ડ ઉપર આવેલ નથી અને આમ જયાં સુધી અપ્રમાણિક ઈરાદો રેકર્ડ ઉપર આવે નહિ ત્યાં સુધી હાલનો ગુનો સાબિત થયેલ ગણી શકાય નહિ. આમ, સદરહુ હકીકતને ઘ્યાને રાખી, નીચે મુજબના ચુકાદાઓ જોતાં...

આ ઉપરાંત <u>(1) 1993 Cri.L.R. 273. State of Gujarat V/s. Ishwarlal Khumchand Shah...</u>

(D) Indian Penal Code, 1860 (XLV of 1860) – Sec. 408 – Criminal breach of trust – To constitute an offence of criminal breach of trust there ought to be a dishonest misappropriation by a person in whom confidence is placed as to custody or management of property in respect of which breach of trust is charged – Thus entrustment of property or dominion over property and dishonest misappropriation or conversion to his own use by the person entrusted are necessary ingredients to be proved by the prosecution beyond reasonable doubt.

(2) <u>2011(1) Crimes 80(Mad) M. nainar and ars V/s. Varadharajan.:–</u>

Indian Penal Code, 1860 – Sec. 406 and 420– Offence of cheating and breach of trust – In order to constitute offence of cheating intention to deceive should be in existance at the time when inducement was made and that person had fraudulent or dishonest intension – mere failure to keep up proise subsequently could not be prisioned has an act of cheating–Allegation is complainant filed by the respondent complain and advocate were that on the representation made by petitioners and other accused that they would pay him his fee, he prosecuted their case in Supreme Court by traveling to Delhi many time and his fee was not paid no awarement that

petitioners had fredulent or dishonest intention at the time of making of represention – complainant and proceeding were liable to be quashed qua petitioners.

ઉપરોકત ચુકાદા માનસહ વંચાણે લીધા અને તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો માનપૂર્વક વંચાણે લીધા.

(૧૬) સદર કામે રજૂ થયેલ સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો સદર કામે ફરિયાદીને સોગંદ પર તપાસવામાં આવેલ છે. જેમા આંક–૧૨ વાળા સાહેદ મનેજર પદે છે. જે પોતાની સરતપાસ મા જણાવે છે કે સદરહુ અમારી ફેકટરી બે પાળી મા ચાલે છે. મારી નોકરી દિવસ ની પાળી મા હતી. મારી નોકરી પહેલા આગલી પાળી ના જે હીરા નુ કામકાજ થયેલુ હોય તેને ટેલી કરી લેવાના હોય છે. અમારી આગલી પાળી ના મેનેજર રાજુભાઈ હતા તેઓ એ હીરા નો લોટ ટેલી કરી ને મે હવાલો સંભાળેલો. આમ આ સાહેદ પોતાની સરતપાસ મા જ હીરા ટેલી હતા તેવુ જણાવે છે. આ સાહેદ પોતાની જુબાની મા જણાવે છે કે અમો ચાર્જ સોપીએ અને ચાર્જ લઈએ તે અંગેની નોંધ કરવામા આવે છે. પણ તપાસ કરનાર અધિકારી એ આવુ કોઈ રજુસ્ટર આ કામે જપ્ત કરેલ નથી. જેથી હીરા ખોવાયા હતા કે કેમ તે અંગે શંકા જાય છે. તેમજ હાલ ના કામ નો બનાવ બન્યો તેના અડધા કલાક મા જ આંક–૧૨ વાળા સાહેદે શેઠ ને વાત કરેલી પણ ફરીયાદ અંગે શેઠે કોઈ સુચના આપેલી નહીં. આમ આ સાહેદ ની સંપુર્ણ જુબાની મા અનેક જગ્યાએ શંકાઓ રહેલી છે.આંક–૧૪ વાળા સાહેદ જુબાનીમાં જણાવેલ છે કે, દરવાજેથી અંદર જઈએ તેમજ બહાર નીકળીએ ત્યાં વોચમેન હાજર હોય છે. કોઈપણ કારીગર છૂટે અને બહાર જાય તે વખતે વોચમેન તેઓની તલાશી લેતા હોય છે અને ત્યારપછીજ તે કારીગર બહાર જાય છે. આ નિયમ સુપરવાઈઝર અને મેનેજરને પણ લાગુ પડે છે.આમ જયારે આરોપીઓ રાત્રે કામ કરી ઘરે ગયેલ ત્યારે પણ વોચમેને આરોપીઓને હીરા સાથે પકડેલ નથી કે વેચમેનનો આ કામે કોઈ તેઓ પુરાવો

નથી.આથી ફરીયાદીમાં શંકા જાય તેમ છે, તથા અન્ય કેટલાક સાહેદો સરકાર તરફે ફરી ગયેલ જાહેર કરેલા છે તથા આંક–૧૯ વાળા સાહેદ તો સરતપાસમાં જ જણાવે છેકે હીરાનું પડીકું ખોવાઈ ગયેલ કે કેમ તેની મને ખબર નથી.જયારે આકં–૧૮ના સાહેદ પોતાની સરતપાસમાં જ જણાવે છેકે, આશરે અગિયારેક વર્ષ અગાઉ નાઈટપાળીમાં અમો કારખાનું કામકાજ સંભાળતા હતા અને સવારે જતી વખતે અમોએ રાત્રે તૈયાર થયેલ માલ તેમજ અમારી પાસેના પડીકા સવારે આવેલ મેનેજરને આપેલા. જે માલના પડીકા ટેલી કરીને મેનેજરે સંભાળી લીધેલા અને ત્યારબાદ અમો ઘરે નીકળી ગયેલા.બે–ત્રણ કલાક પછી મને ફોન આવેલ હીરાનું એક પેકેટ ઓછું જણાય છે.આમ આ સાહેદ જયારે હીરા આપી ઘરે ગયેલ ત્યારબાદ બે–ત્રણ કલાક પછી ફોન આવેલો જે એક શંકા ઉભી કરે છે કે પહેલા કેમ મેનેજરે જાણ ન કરી.આ ઉપરાંત આંક–૨૧ વાળા સાહેદ જણાવે છેકે, કારીગરોને હીરા આપે તેની અને મેનેજર પાળી બદલાય ત્યારે જે તે લેવડ દેવડની નોંધ કરવામાં આવે. આ નોંધ મેં પોલીસને આપેલ નથી.આ નોંધ અંગે કેમ ફરીયાદીએ ત.ક.અધીકારીને આપેલ નથી,આ સાહેદની આખી જુબાની માં અનેક જગ્યાએ શંકા ઉભી કરે છે.તથા વધુમાં જેઓની આરોપીપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ રાતપાળીમાં બેસતા નથી. પાંચ હજાર કારીગરને તેઓ અંગત રીતે ઓળખે નહિ. બનાવ વખતે લેસર યુનિટમાં ૨૦ કારીગર કામ કરતા હતા. પાળી બદલાય એટલે અમારે લેસરના કારીગરોને મળવાનું થાય નહિ. બધો વહીવટ મેનેજર ટુ મેનેજર થાય તેમજ દિવસના ઉતરતા મેનેજરે રાત્રિના નોકરીએ ચડતા મેનેજરે બનાવના દિવસે કેટલા હીરા આપ્યા તેની તેમને ખબર નથી. આમ, સદર ફરિયાદીને બનાવ અંગે કોઈ માહિતી નથી તેમજ ફરિયાદપક્ષે તપાસેલ અન્ય સાહેદોની જુબાનીમાંથી પણ સદરહુ ફરિયાદ પુરવાર થયેલ ન હોય, ફરિયાદમાંની હકીકત આરોપીઓ વિરૂધ્ધ પુરવાર થયેલાનું માની શકાય નહિ તેવું મારું માનવું છે.

સદર કામે ફરિયાદપક્ષ ઈ.પી.કો.કલમ– ૪૦૬ હેઠળ ગુનો બનવા માટેનું આવશ્યક તત્વ પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામના આરોપીઓને સદર ગુનામાં સાંકળતો કોઈ સ્વતંત્ર પુરાવો રજૂ થયેલો નથી. જેથી આરોપીઓને સદર ગુના હેઠળ સજા કરવી અત્રેની કોર્ટને ન્યાયોચિત જણાતું નથી.

આમ, આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ઘ્યાને લઈએ તો,

(1) <u>AIR1977SC170 RABINDRA KUMAR DEY VS STATS OF ORRISA.:-</u>

(1) That the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) That the onus of the prosecution never shifts.

આમ, ઉપરોકત ચુકાદો ઘ્યાને તેમજ વંચાણમાં લીધેલ છે. આમ, ક્રિમિનલ જયુરીશપ્રુડન્સના ખૂબજ મહત્વના સિઘ્ધાંતો પણ ઘ્યાને લઈએ તો પણ સરકારપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણ નિષ્ફળ નિવડેલ છે. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નંબરઃ ૧ નો જવાબ "નકારમાં" આપી, મુદ્દા નંબરઃ ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –// <u>આ ખ રી હુ ક મ</u> //–

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે આ કામના આરોપીઓને ઈ.પી.કો.કલમ– ૪૦૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ)(૧) મુજબ સંભવિત અપીલના હેતુ માટે, ફરમાવવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતમાં હાજર થવા માટે પ્રત્યેક

આરોપીએ રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા છ માસના સમયગાળા માટે રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૩મી માહે જુલાઈ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળઃ સુરત.<br>તા. ૨૩ - ૦૭ -૨૦૧૯.<br>PS | (ધીરેન મનહરલાલ ચૌહાણ)<br>૧૭ મા એડીશનલ સિનિયર સિવિલ જજ<br>અને એડીશનલ ચીફ જયુડી. મેજિ., સુરત.<br>જજ કોડ નં. જીજે૦૧૦૦૬ |